# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

## આકારણી શાખા

## બાકી કરદાતાઓના માટે ખાસ વ્યાજ વળતર યોજના ૨૦૨૩-૨૪

વડોદરા મહાનગરપાલિકાની હદમાં આવેલી મિલકતોના બાકી વેરા વસુલાત માટે વ્યાજ વળતર યોજના અમલમાં મુકવા માટે ઠરાવ અંક-૬૪૦/તા.૨૯-૧૨-૨૦૨૩ થી સ્થાયી સમિતીની મંજૂરી મળેલી છે. જે અનુસાર નીચે મુજબની યોજના અમલમાં મુકવામાં આવેલી છે.

### "ભાડા આકારણી પધ્ધતિ માટે ઇન્સેન્ટીવ રીબેટ યોજના"

(૧) વડોદરા મહાનગરપાલિકાનો તા. ૧-૪-૨૦૦૩ સુધીનો ભાડા આકારણીનો ભરવાપાત્ર મિલ્કત કર ( સામાન્ય કર, પાણી ચાર્જ/ કર, કન્ઝરવન્સી ચાર્જ, જાજરૂ વેરો, શિક્ષણ ઉપકર અને દંડની રકમ) એક સહ ભરે તો નીચે મુજબ ઇન્સેન્ટીવ રિબેટ યોજનાનો લાભ આપવામાં આવશે.

(ક) નોટીસ ફી, વોરંટ ફી, અને જાહેરાત ખર્ચની ૧૦૦% ની રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(ખ) (૧) (i) ભાડા આકારણી પધ્ધતિના બાકી મિલકત વેરા પેટેની વ્યાજની રકમમાં ૮૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(ii) ભાડા આકારણી પધ્ધતિના વેરા બીલમાં ફક્ત વ્યાજની રકમ બાકી હોય તો સદર વ્યાજની રકમમાં પણ ૮૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(૨) ભાડા આકારણી પધ્ધતિની ટેક્ષ અપીલ, તેમજ રીટર્ન થયેલા ચેકની ડિમાન્ડ ચઢાવેલી હશે તો તેઓને પણ વ્યાજની રકમમાં સદર ઇન્સેન્ટીવ રીબેટ યોજનાનો લાભ આપવામાં આવશે. પરંતુ તેવા કિસ્સામાં રીટર્ન થયેલા ચેક અંગે નિયમથી વસુલ કરવાપાત્ર ચાર્જ ઇલાયદા વસુલ કરવાનો રહેશે.

(૩) ફક્ત ભાડા આકારણી પધ્ધતિની પાછ્લી બાકી રકમ ભરપાઇ કરે તો તેને પણ સદર યોજનાનો લાભ આપવામાં આવશે.

સને ૨૦૦૩-૦૪ થી સને ૨૦૨૨-૨૩ સુધી વેરો બાકી હોય તેવા કરદાતાઓ માટે ઇન્સેન્ટીવ વ્યાજ વળતર યોજના નીચે મુજબ છે.

### "ક્ષેત્રફળ આધારિત આકારણી પધ્ધતિ માટે ઇન્સેન્ટીવ રીબેટ યોજના"

(૧) સને ૨૦૦૩-૦૪ થી ૨૦૨૨-૨૩ સુધીની બાકી રકમ પર તા. ૦૩-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૦૧-૨૦૨૪ સુધી નીચે મુજબની ઇન્સેન્ટીવ સ્કીમ મુજબ લાભ આપવામાં આવશે.

(ક) નોટીસ ફી, વોરંટ ફી, અને જાહેરાત ખર્ચની રકમમાં ૧૦૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(ખ) (૧) તમામ રહેણાંક મિલ્કતોની પાછલી બાકી રકમ પર ચઢેલ વ્યાજની રકમમાં ૮૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(૨) તમામ બિન રહેણાંકની મિલ્કતો માટે પાછલી બાકી રકમ પર ચઢેલ વ્યાજની રકમમાં ૬૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(૨) સને ૨૦૦૩-૦૪ થી ૨૦૨૨-૨૩ સુધીની બાકી રકમ પર તા. ૦૧-૦૨-૨૦૨૪ થી તા.૩૧-૦૩-૨૦૨૪ સુધી નીચે મુજબની ઇન્સેન્ટીવ સ્કીમ મુજબ લાભ આપવામાં આવશે.

(ક) નોટીસ ફી, વોરંટ ફી, અને જાહેરાત ખર્ચની રકમમાં ૧૦૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(ખ) (૧) તમામ રહેણાંક મિલ્કતોની પાછલી બાકી રકમ પર ચઢેલ વ્યાજની રકમમાં ૭૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(૨) તમામ બિન રહેણાંકની મિલ્કતો માટે પાછલી બાકી રકમ પર ચઢેલ વ્યાજની રકમમાં ૫૦% રકમ ઇન્સેન્ટીવ રિબેટ તરીકે આપવામાં આવશે.

(૩) સને ૨૦૨૨-૨૩સુધીના મિલકત વેરાના બીલમાં જો ફક્ત વ્યાજની રકમ બાકી હશે તો તેવા કરદાતાને પણ સદર યોજનાનો લાભ આપવાનો રહેશે.

(૪) જે અરજદાર ક્ષેત્રફળ આધારિત આકારણીની સને ૨૦૦૩-૦૪ થી ૨૦૨૩-૨૪ સુધીના મિલકત વેરા પૂર્ણ પણે ભરપાઇ કરશે તેઓને સદર ઇન્સેન્ટીવ રીબેટ યોજના નો લાભ મળશે.

(૫) કોઇપણ કરદાતા ભાડા આકારણી પધ્ધતિની રકમ બાકી હોય અને ફક્ત ક્ષેત્રફળ આધારિત પદ્ધતિ મુજબના સને ૨૦૨૩-૨૪ સુધીના મિલક્ત વેરાની રકમ ભરપાઇ કરે તો તેને પણ સદર યોજનાનો લાભ આપવામાં આવશે.

ઉપરોક્ત સંપુર્ણ યોજનાનો લાભ ફક્ત યોજનાના અમલ તા.૦૩/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન વેરો ભરનાર કરદાતાઓને જ મળવાપાત્ર રહેશે.સદર યોજના અંતર્ગત ચેકથી ભરવામાં આવેલી રકમનો ચેક કોઇપણ કારણોસર રીટર્ન થશે અને યોજનાની મુદ્દત પુરી થયેલી હશે તેવા કિસ્સામાં કરદાતાએ વ્યાજ સહિતની પુરેપુરી રકમ ભરવાની રહેશે.

સદર બાબતે વધુ માહિતીની જરૂર જણાય તો સબંધિત વોર્ડ કચેરીનો કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા વિનંતી છે.

પી.આર.ઓ. નં. ૧૨૭૬ /૨૦૨૩-૨૪

મ્યુનિસિપલ કમિશનર